# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RAHAT PACKAGE

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક સહાય આપતું ૩૫૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ રાહત પેકેજની જાહેરાત કરી છે. કેટલાંક જિલ્લામાં ગત જુલાઈ માસ દરમિયાન વરસેલા વરસાદના પરિણામે પાકોને વ્યાપક નુકશાન થયું હતુ.

રાજ્યના ૪૫ તાલુકાઓનો ૪ લાખ છ હજાર ૮૯૨ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારના આશરે એક લાખ પચાસ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

અસરગ્રસ્ત ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણ મુજબ, પાક નુકશાની માટે સહાય અપાશે. જેમાં ખરીફ બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૧૧ હજાર રૂપિયા પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. જ્યારે પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૨૨ હજાર રૂપિયા પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેક્ટર લેખે મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં સહાય ચૂકવવા પાત્ર રકમ ૩ હજાર ૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા ૩ હજાર ૫૦૦ ચૂકવાશે..

# BANK FRAUD HARSH SANGHVI

બેંક એકાઉન્ટને બદલે માત્ર સાયબર ફ્રોડમાં ટ્રાન્સફર થયેલી રકમ ફ્રીઝ કરવા અંગે નીતિ બનાવનાર ગુજરાત સમગ્ર દેશ માટે મોડેલ સ્ટેટ બન્યુ હોવાનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૃહમાં જણાવ્યું હતું.. સાયબર ક્રાઈમનો ભોગ બનેલા મધ્યમવર્ગીય લોકોની પીડા દૂર કરવા ગુજરાત પોલીસની ટીમે માત્ર ૨૦ દિવસમાં ૨ લાખ ૫૮ હજારથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા..

તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૪માં ૮૫ કરોડથી વધુની છેતરપીંડી થઇ હતી, જેમાંથી ૬૬ કરોડ ૧૫ લાખની રકમ રીફંડ કરાવવામાં પોલીસને સફળતા મળી છે. હજુ પણ બાકીની રકમ રીકવર માટે પ્રયત્નો કરી રીકવરી રેટ ૧૦૦ ટકા સુધી લઇ જવાનો લક્ષ્યાંક છે તેમ ગૃહરાજ્ય મંત્રીએ જણાવ્યું હતું.

# PRAFUL PANSERYA EDUCATION MINISTER

શોધ યોજના હેઠળ વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં કુલ ૩ હજાર ૫૪૬ વિદ્યાર્થીઓને ૯૦ કરોડ ૩૫ લાખની સહાય ચુકવવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં પૂછાયેલા એક સવાલનો જવાબ આપતાં શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ આ મુજબ જણાવ્યું હતુ. આ યોજનાનો લાભ માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની હોવાનો તેમણે ઉત્તર આપ્યો હતો..

મંત્રીશ્રી પાનસેરીયાએ ઉમેર્યું હતું કે,પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ માસ ૧૫ હજાર રૂપિયાનું સ્ટાઈપેંડ અને વાર્ષિક ૨૦ હજાર રૂપિયા અન્ય આનુષંગિક ખર્ચ પેટે વધુમાં વધુ બે વર્ષમાં મહત્તમ ચાર લાખ રૂપિયા સુધીની સહાય ચુકવાય છે. જે વિદ્યાર્થીઓએ અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫ ટકા મેળવ્યા હોય તેમને ગુજરાતની માન્ય સરકારી, સેકટોરલ કે ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓને શોધ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.

# GUJARAT-VICE PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ગાંધીનગર આવી પહોંચ્યા છે. તેઓ ટૂંક સમયમાં ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધન કરશે. અગાઉ, શ્રી ધનખડે NFSU ની મુલાકાત લઇ વૃક્ષારોપણ કર્યું હતુ.

ઉલ્લેખનીય છે કે, શ્રી ધનખડ ગુજરાતની એક દિવસીય મુલાકાતે છે, તેઓ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદમાં પણ હાજરી આપશે. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

# CM BAHUCHARAJI

મહેસાણા જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાના મંદિરના પુન: નિર્માણના પ્રથમ ફેઝની કામગીરીનું ખાતમુહૂર્ત શાસ્ત્રોક્ત વિધિથી સંપન થયું હતું. મુખ્યમંત્રી ખાતમુહૂર્ત માટે બહુચરાજી પહોંચ્યા હતા અને માતાજીને શીશ ઝુકાવ્યું હતું..

મુખ્યમંત્રીએ મંદિર પરિસર સહિત ત્રણે ફેઝની સમગ્ર પુન: નિર્માણ કામગીરીની બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું. બહુચરાજી માતાજીના મંદિરના પુન: નિર્માણની પ્રથમ ફેઝની કામગીરી અંતર્ગત ૭૬ કરોડ ૫૧ લાખ રૂપિયાના ખર્ચે બહુચરાજી માતાજી મંદિરનું પુન:નિર્માણ કરી શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઇંચ સુધી વધારવામાં આવશે.

# WEATHER

રાજ્યમાં આગામી ચાર દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સવારે છ વાગ્યાથી દસ વાગ્યા સુધીમાં સૌથી વધુ તાપીના કુકરમુંડા તાલુકામાં સવા ઇંચથી વધુ વરસાદ

નોંધાયો છે. તો પલસાણા, સાગબારા, ક્વાંટ, હાંસોટમાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો..

અમદાવાદમાં આજે બીજા દિવસે પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે.. વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં વરસી રહ્યા છે.

છોટાઉદેપુરના કવાંટ તાલુકાની કરા નદીમાં ઘોડાપુર આવતાં એક યુવતી તણાતાં  હાલ આ યુવતીને રેસક્યુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તો સાબરકાંઠાના સલાટપુર નજીક એક શ્રમજીવી પર વીજળી પડતા મોત થયું હતું..

સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વરસાદી માહોલમાં નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેની આજુબાજુનો વિસ્તાર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે..

ઉપરવાસમાં ભારે વરસાદ થતાં દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમના ચાર દરવાજા ખોલાયા છે. ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં ફરી વધારો નોંધાયો છે. હાલ ડેમમાં ઉપરવાસમાંથી **45** હજાર **965** ક્યુસેક પાણીની આવક થઇ રહી છે.. હાલ ડેમની જળ સપાટી **335** ફૂટ પર પહોંચી છે.. તાપી નદીની આસપાસના ગામોને હાલ એલર્ટ કરાયા છે.

# NATIONAL SPACE DAY- GUJ.

રાજ્ય સહિત દેશભરમાં પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય અવકાશ દિવસની આ વર્ષની થીમ છે- “ચંદ્રમાને સ્પર્શ કરતા જીવનને સ્પર્શ કરવોઃ ભારતની અવકાશ ગાથા.” ઉલ્લેખનીય છે કે, 23 ઓગસ્ટ, 2023એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-3 નું સોફ્ટ લેન્ડીંગ કરીને ભારતે ઇતિહાસ રચ્યો હતો, જેની ઉજવણીના ભાગરૂપે આજે પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

આણંદના હાડગુડ ગામની પીએમશ્રી સ્કૂલમાં રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી.. ઈસરોના નિવૃત એન્જીનીયર નીગન પ્રજાપતિ દ્વારા વિદ્યાર્થીઓને  ભારતીય અવકાશી વિજ્ઞાનમાં આજે શું પ્રગતિ થઇ રહી છે, તેની માહિતી આપવામાં આવી હતી.

# એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદનો પ્રાદેશિક સમાચાર વિભાગ આજે રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે “માનવ કલ્યાણ માટે અવકાશ” આ વિષય ઉપર આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી ખાસ ચર્ચા પ્રસારિત કરશે.

આ ચર્ચામાં ઇસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક સી એમ નાગરાણી અને આકાશવાણી અમદાવાદના સંવાદદાતા અપર્ણા ખુંટ ભાગ લેશે. આ કાર્યક્રમ આકાશવાણી અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી આજે રાત્રે સાડા આઠ વાગ્યાથી પ્રસારિત થશે.

**(અગત્યની જાહેરાત પૂરી થઇ.)**